| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>Accredited Grade A by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,<br>યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,<br>રાજકોટ – ૩૬૦૦૦૫<br>ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ ) ૨૧૪ | |
|---|---|---|


નં જોડાણ/૨/૧૨૭૭ /૨૦૧૭

તા. ૬ -૧૧-૨૦૧૭

**સંદર્ભ :- અત્રેની યુનિવર્સિટીના તા. ૪-૯-૨૦૧૭ ના પરિપત્ર નં જોડાણ/૨/ ૧૦૨૯ /૨૦૧૭**

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જોડાણ વિભાગની કામગીરી કોમ્પ્યુટરાઈઝડ કરવાની હોવાથી સંદર્ભ પર ના પરિપત્ર થી પ્રત્યેક કોલેજોની પ્રાથમિક માહિતી અત્રેની યુનિવર્સિટી ની વેબસાઈટ લીંક http://affiliation.icampus.biz/From_Get_College_Data.aspx પર અપલોડ કરવા જણાવવામાં આવેલ હતું જે પરત્વે જે કોલેજોએ માહિતી અપલોડ કરેલ છે તેવી કોલેજોને પ્રાથમિક માહિતીમાં દર્શાવેલ મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ આઈ.ડી. પર એક યુઝર આઈ.ડી. તથા પાસવર્ડ મોકલવામાં આવશે. જેનો યુઝ કરી અત્રેની યુનિવર્સિટીની વેબસાઈટ http://affiliation.saurashtrauniversity.edu પર સોફ્ટવેરમાં નીચે દર્શાવેલ વિગતે માહિતી અપલોડ કરવાની રહેશે.

- કોલેજને જે પાસવર્ડ મોકલવામાં આવેલ છે. તેનો ઉપયોગ કરી દર્શાવેલ સાઈટમાં લોગ-ઇન થવાનું રહેશે.
- લોગ-ઇન થયા બાદ પ્રોફાઈલમાં જઈ પાસવર્ડ ચેન્જ કરી નાંખવો.
- સોફ્ટવેરમાં કુલ – ૫ સ્ટેપ પૈકી પ્રથમ તબક્કામાં સ્ટેપ -૧ અને સ્ટેપ -૨ ની માહિતી ફીલ્ડ અપ કરવાની થાય છે. જે નીચે મુજબની વિગતે છે.
- ૧ . કોલેજની વિગતો
- ૨ . ઠરાવો (કોલેજની સ્થાપનાથી લઇ આજદિન સુધીના બધા )
- બીજા તબક્કામાં સ્ટેપ -૩, ૪ અને ૫ ની માહિતી ફીલ્ડ અપ કરવાની થશે. જે અંગેની જાણ હવે પછી કરવામાં આવશે.
- સોફ્ટવેર બાબતે માર્ગદર્શનની જરૂર પડે તો મોબાઈલ નંબર ૮૦૦૦૦૩૯૩૯૦ અથવા અત્રેના જોડાણ વિભાગના ફોન નં ૦૨૮૧- ૨૫૭૮૫૦૧ Ex. ૨૧૪ પર સંપર્ક કરવાનો રહેશે.
- યુનિવર્સિટીને પેપરલેસ કરવાના પ્રયાસના ભાગરૂપે ફરજીયાતપણે માહિતી અપલોડ કરવાની રહેશે.
- સોફ્ટવેર અંતર્ગત માહિતી ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં ફીલ અપ કરવાની રહેશે.

કુલસચિવ

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ .......

નકલ સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ ..............

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ ...)